જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૨/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૩૪૨/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫ | ૨,૪૪,૮૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧૭ કેસ કરી, ૧૧૮ વ્યક્તિઓને ઝડપી, ૨૬૪ લીટર દેશી દારૂ, ૫૯૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ, ૧ છોટા હાથી ગાડી અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૫/૨૦૨૨**

**સરખેજઃ** દિલીપકુમાર પરસોતમભાઇ દવે (ઉ.વ.૫૩) (રહે. સર્વિસ બકેરી જી.એસ.ટી. ક્રોસીંગની બાજુમાં રાણીપ) પત્ની સાથે તા.૧૩/૧૨/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે સરખેજ સાણંદ સર્કલની બાજુમાં સિગ્નેચર-૨ બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોર ખાતે આવેલ એચ.ડી.એફ.સી.બેન્કના એ.ટી.એમ.સેન્ટર ખાતે ગયા હતા દરમ્યાન મદદ કરવાના બહાને આવેલ એક પુરૂષે "લાવો હુ તમને પૈસા કાઢવામા મદદ કરૂ" તેમ કહી દિલીપકુમાર દવેની પત્નીનુ ડેબીટકાર્ડ લઇ પાસવર્ડ જાણી લઈ દિલીપકુમાર દવેની પત્નીની નજર ચુકવી ડેબીટ કાર્ડ જેવુ દેખાતુ બીજુ કાર્ડ આપી દિલીપકુમાર દવેના ડેબીડ કાર્ડ મારફતે ખાતામાંથી રૂપિયા ૪૦,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગેની ફરીયાદ દિલીપકુમાર દવે એ તા.૨૮/૧૨/૨૦૨૨ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**નરોડાઃ** ધર્મ કૌશીકભાઇ પટેલ (ઉ.વ.૨૪) (રહે. બ્રાહ્મણવાસ ગામ-વહેલાલ તા.દસ્કોઇ જી.અમદાવાદ) તા.૨૮/૧૨/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ત્રણેક વર્ષ પહેલાથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ભવદીપ અર્જુનસિંહ ગઢવી (રહે. સનએકઝોટીકા વિમલપાર્ક પાસે નરોડા) એ ધર્મ પટેલને ઓસ્ટ્રેલીયા કે કેનેડાના ટુરીસ્ટ/વર્ક વિઝા અપાવાનો ભરોષો અને વિશ્વાસ આપી રૂપિયા ૧૩,૪૦,૦૦૦/- મેળવી લઇ ટુરીસ્ટ વિઝા નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૬/૨૦૨૨**

**દાણીલીમડાઃ** ખુશ્બુબહેન સજ્જાદહુસેન વ્હોરા (ઉ.વ.૨૮) (રહે. સમ-એ-બુરહાન સોસાયટી જુહાપુરા) એ તા.૨૮/૧૨/૨૦૨૨ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૨ બપોરના ૪/૩૦ થી તા.૨૩/૧૨/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા ચાર રસ્તા ન્યુ બહેરામપુરા અર્બન હેલ્થ સેન્ટર ઓફીસનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઓફીસમાંથી લેપટોપ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૭/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** વિનોદભાઈ ધનજીભાઈ પરમાર (રહે. લક્ષ્મીનગર ઘોડાકેમ્પ સામે આઈ.જી.પી.રોડ મેઘાણીનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૨૦૨૨ સાંજનાં ૭/૩૦ થી તા.૨૮/૧૨/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ડાહ્યાલાલ પાર્ક સોસાયટી વિક્રમપાર્કની બાજુમાં બજરંગ આશ્રમ ઠક્કરનગર ખુલ્લી જગ્યામાં મુકેલ કોપર વાયર કિમત રૂપિયા ૫૧,૫૪૯/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હિતેશકુમાર જેસંગભાઇ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૮/૨૦૨૨**

**નવરંગપુરાઃ** રાજકુમાર સચ્ચિદાનંદ સિંહા (ઉ.વ.૫૮) (રહે. મર્લીન ઓપેલ વલ્લભા ડાઇનિંગ હોલ પાસે સમુદ્ર કોમ્પ્લેક્ષ પાછળ નવરંગપુરા) તા.૨૭/૧૨/૨૦૨૨ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સી.જી.રોડ પુમા શો રૂમની બાજુમાંથી પત્ની સાથે ચાલતા-ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પુરૂષ રાજકુમાર સિંહાની પત્નીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રાજકુમાર સિંહાએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૯/૨૦૨૨**

**"એન" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** સેટેલાઈટ રણુજાનગર ખાતે રહેતા દેવીલાલ રત્નાજી મીણા (ઉ.વ.૩૯) (મુળ વતન.ગામ.વાડા ઘોડીયા તા.આસપુર પોસ્ટ સકાની વાડા ઘોડીયા જી.ડુંગરપુર રાજસ્થાન) તા.૨૭/૧૨/૨૦૨૨ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે સેટેલાઈટ સુપર ચાર રસ્તા નજીક પોતાની રિક્ષામાં બેસેલ હતા ત્યારે કાર નંબર જીજે ૦૧ કેએક્સ ૫૦૦૧ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રિક્ષાને ટક્કર મારતા દેવીલાલ મીણાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સેલ્બી હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર દેવીલાલ મીણાના ભાઈ ધુલેશ્વર મીણાએ "એન" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.પી.સાગઠીયા ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>**સમાચાર યાદી નં.૨૩૫૦/૨૦૨૨**</u>

**ચાંદખેડા**ઃ નિકીતા ડો/ઓ સંજયકુમાર ચૌધરી (ઉ.વ.૧૯) (રહે. આમ્રકુંજ ગ્રેસીયા શ્રીનાથ બંગ્લોઝ પાછળ ટી.પી.૪૪ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૨/૨૦૨૨ બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

**કૃષ્ણનગર**ઃ રીનાબહેન વા/ઓ ભરતભાઈ કણેત (ઉ.વ.૩૮) (રહે. પંચવટી પાર્ક સોસાયટી ગોપાલ ચોક પાસે પાર્શ્વનાથ ટાઉનશીપ નવા નરોડા) એ બિમારીથી કંટાળી તા.૨૮/૧૨/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**નિકોલ**ઃ વિશાલ ધરમેન્દ્રસિંહ સેંગર (ઉ.વ.૨૦) (રહે. સંતોષીનગરના છાપરાં લીલાનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૨/૨૦૨૨ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા મફલર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી ગીતાબા અનિરુધ્ધસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી